સરકાર-ખેડૂતો વચ્ચેની ૯મી બેઠક અનિર્ણિત

બેઠકમાં ખેડૂતો પોસ્ટર લગાવીને બેઠા, જેમાં લખ્યું હતું મરીશું કે જીતીશું : ખેડૂતો અને સરકાર વચ્ચે આગામી બેઠક ૧૫ જાન્યુઆરીએ મળશે

ન્યુ દિલ્હી,તા.૮

સરકારની સાથે ખેડૂતોની ૯માં તબક્કાની વાતચીત પણ પરિણામ વગર જ પૂર્ણ થઈ છે. ખેડૂતોએ કડક અંદાજમાં સરકારને કહ્યું કે તેમે ઉકેલ લાવવા જ નથી માગતા. જો એવું છે તો અમને લખીને જણાવી દો, અમે જતા રહિશું. આ બેઠકમાં ખેડૂતો પોસ્ટર લગાવીને બેઠા હતા. જેના પર લખ્યું હતું- મરીશું કે જીતીશું. ખેડૂતો અને સરકાર વચ્ચે આગામી બેઠક ૧૫ જાન્યુઆરીએ મળશે.

ખેડૂત નેતા બલવીર રાજેવાલે મંત્રીઓને કહ્યું, ×તમે જિદ પર છો. તમે તમારા સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરીને લગાવી દેશો. અધિકારીઓ કોઈને કોઈ લોજિક આપતા રહેશો. અમારી પાસે પણ લિસ્ટ છે. બાદમાં નિર્ણય તમારો જ છે. કેમકે તમે સરકાર છો. જેમની પાસે તાકાત છે, તેની વાત વધુ હોય છે. આટલાં દિવસોમાં વારંવાર કેટકેટલી ચર્ચા થઈ રહિ છે. એવું લાગે છે કે આ વાતના ઉકેલ લાવવાનું તમારું મન જ નથી. તો સમય શું કામ બગાડી રહ્યાં છો. તમે સ્પષ્ટ શબ્દોમાં લખીને આપી દો, તો અમે જતા રહિશું. ખેડૂતે સરકાર પર આક્ષેપ કર્યો છે કે સરકાર નથી ઈચ્છતી કે આ મુદ્દાનું કોઈ સામાધાન આવે.

ખેડૂતોના જણાવ્યા પ્રમાણે, જ્યાં સુધી કાયદો પાછો નહીં લેવાય ત્યાં સુધી અમે અહીંથી હટીશું નહીં.આ વખતે પણ ખેડૂતોનું સ્ટેન્ડ ક્લીઅર છે. તેમનું કહેવું છે કે ત્રણ ખેડૂત કાયદા રદ કરવામાં આવે અને એમએસપી પર અલગ કાયદો બને. આ પહેલા ગુરુવારે ખેડૂતોએ દિલ્હીને ચારેય બાજુ ટ્રેક્ટર માર્ચ કાઢીને શક્તિ દેખાડી હતી. આંદોલનના ૪૪માં દિવસે સરકાર અને ખેડૂત વચ્ચે વિજ્ઞાન ભવનમાં વાતચીત ચાલી રહી હતી. કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર, રેલવે મંત્રી પીયૂષ ગોયલ અને વાણીજ્ય રાજ્ય મંત્રી સોમ પ્રકાશની સામે ખેડૂતોએ કૃષિ કાયદા રદ કરવાની માગ ફરી કરી હતી, પરંતુ કૃષિ મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં તેનો ઈનકાર કરી દિધો હતો. કૃષિ કાયદાને લાગૂ કરવાનો નિર્ણય કેન્દ્ર હવે રાજ્યો સરકાર પર છોડી શકે છે. ડેરા નાનકસરના મુખી બાબા લક્ખા સિંહે કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર સાથે ગુરુવારે એક મીડિએટર તરીકે મુલાકાત કરી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે કેન્દ્રીય મંત્રીએ બાબ લક્ખા સિંહને જણાવ્યું કે, સરકાર હવે એક પ્રસ્તાવ તૈયાર કરી રહી છે, જેમાં રાજ્ય સરકારને કૃષિ કાયદો લાગૂ કરવા અથવા ન કરવાની છૂટ આપવામાં આવશે.

છેલ્લે... છેલ્લે...

- રાજ્યમાં જમીન શરતફેર મંજૂરી અરજીની મુદત ૩૧મી માર્ચ સુધી લંબાઈ.
- શ્રીલંકાના લોકપ્રિય ક્રિકેટર શેહાન જયસુર્યાએ શ્રીલંકન ટીમ સાથે છેડો ફાડ્યો.
- ગીર ગઢડા જંગલ વિસ્તારમાં ફોરેસ્ટર પર દીપડાનો હુમલો.
- હિમાચલપ્રદેશના પોંગ ડેમમાં ૧૮૦૦ વિદેશી પ્રવાસી પક્ષીઓના મોત.
- સીએમઆઈઈના રીપોર્ટ મુજબ બેરોજગારોની સંખ્યા ૨.૭૫ કરોડથી ૩.૮૭ કરોડ થઈ.
- કાલુપુર રેલવેસ્ટેશન પરિસરમાં રીક્ષાઓના પ્રવેશ માટે હાઈકોર્ટે શરતી છુટ આપી.
- કોરોનાના નવા સ્ટ્રેઈનના દેશમાં ૮૨ કેસ નોંધાયા.
- છેલ્લા ૨૪ કલાકમાં વિશ્વમાં ૧૪,૬૭૦ના મોત કોરોનાના કારણે.
- કાશ્મીરમાં એકધારી બરફવર્ષાને પગલે અનેક મકાનો ધ્વંસ.
- આજે ભાજપના પ્રમુખ જે.પી. નડ્ડા પં. બંગાળ જશે.

ટ્રમ્પની સમર્થકોને શાંતિની અપીલ

૨૦મીએ સત્તા સોંપશે : ડોનાલ્ડ ટ્રમ્પે વીડિયો સંદેશ જાહેર કરી હિંસાની નિંદા કરી

વોશિંગ્ટન, તા. ૮

અમેરિકાના યુએસ કેપિટોલમાં ટ્રમ્પ સમર્થકોના હિંસક પ્રદર્શન વચ્ચે હવે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શાંતિની અપીલ કરી છે. સાથે જ ટ્રમ્પે ગુરુવારે કહ્યું કે, તેમનું ફોક્સ નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ જો બિડેનને સત્તા હસ્તાંતરિત કરવા પર છે. અમેરિકી સંસદ દ્વારા બુધવારે બિડેનની જીત પર મહોર માર્યા બાદ ટ્રમ્પ સમર્થકોએ યુએસ કેપિટોલની ઘેરાબંદી કરી અને પરિસરમાં ઘુસી ગયા હતા. જેને લઈને ટ્રમ્પ સમર્થકો અને પોલીસ વચ્ચે હિંસક ઘર્ષણ થયું હતું. ટ્રમ્પે વીડિયો સંદેશ જાહેર કરી હિંસાની નિંદા કરી છે.

આ પહેલાં, કેપિટલ બિલ્ડિંગમાં પ્રવેશ કરવાની આ ઘટનાની કડક શબ્દોમાં નિંદા કરી છે. વ્હાઈટ હાઉસ પ્રેસ

ઘટનાને લઈને વ્હાઈટ હાઉસ તરફથી પ્રતિક્રિયા આવી છે. વ્હાઈટ હાઉસના પ્રવક્તા તરફથી કહેવામાં આવ્યું કે, ડોનાલ્ડ ટ્રમ્પે સેક્રેટરી કેલી મેકએનીએ હિંસાની નિંદા કરી.

ટ્રમ્પે કહ્યું કે, ૨૦ જાન્યુઆરીએ એક નવા પ્રશાસનનું ઉદ્ઘાટન કરવામાં આવશે. મારું ધ્યાન સત્તાના વ્યવસ્થિત અને સરળ પરિવર્તનને સુનિશ્ચિત કરવા પર છે. આ ક્ષણ શાંતિ અને સંપ માગે છે. ટ્રમ્પે ૧૬૦ સેકન્ડના વીડિયો સંદેશમાં કહ્યું કે, રાષ્ટ્રપતિ તરીકે કામ કરવું મારા માટે જીવનભર માટે સન્માનની વાત છે. તેમણે બુધવારે થયેલ હિંસાની નિંદા કરતાં કહ્યું કે, ફરી શાંતિ સ્થાપિત થવી જોઈએ. જે પ્રદર્શનકારીઓએ કેપિટોલમાં ઘુસણખોરી કરી તેમણે અમેરિકી લોકતંત્રને નુકસાન પહોંચાડ્યું છે. જે લોકો હિંસામાં સામેલ હતા તે અસલ અમેરિકાનું પ્રદર્શન કરી રહ્યાં નહોતાં.

ટેરર ફંડિંગ કેસમાં મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ લખવીને ૧૫ વર્ષની સજા

લાહોર,તા.૮

પાકિસ્તાનની એક આતંકવાદ વિરોધી અદાલતે મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ અને આતંકવાદી સંગઠન લશ્કર-એ-તોયબાના સર્વેસર્વા ઝકી-ઉર-રહેમાન લખવીને ૧૫ વર્ષની જેલની સજા ફટકારી છે. આતંકવાદી લખવી પર દંડ પણ ફટકાર્યો છે. લાહોરની અદાલતે આતંકવાદી ગતિવિધિઓ માટે નાણાં પુરા પાડવાના આરોપમાં લખવીને સજા ફટ્કારી છે. જોકે પાકિસ્તાનની આ કાર્યવાહી માત્ર દેખાડો જ છે. માનવામાં આવી રહ્યું છે કે, હ્ઠછ્હ્રની બેઠક પહેલા જ પાકિસ્તાન સરકારે દબાણમાં આવીને લખવીને સજા અપાવી છે. આ લખવી મુંબઈ હુમલા ઉપરાંત ભારતના વિમાનનું અપહરણ કરીને કંદહાર કાંડને અંજામ આપવામાં પણ મોખરે હતો.

લશ્કર-એ-તૈયબાના ઓપરેશનંસ કમાંડર આતંકી ઝકીઉર રહેમાન લખવીને પાકિસ્તાનમાં ૧૫ વર્ષની સજા સંભળાવવામાં આવી છે. ટેરર ફંડિંગ સાથે જોડાયેલા એક મામલામાં ગત થોડા દિવસમાં લખવીને ધરપકડ કરવામાં આવ્યો હતો.

આજે શુક્રવારના રોજ લાહૌર એન્ટી ટેરરિઝ્મ કોર્ટે આતંકવાદી સંગઠન લશ્કર-એઓ-તોયબાના સર્વેસર્વા ઝકી-ઉર-રહેમાન લખવીને ૧૫ વર્ષની જેલની સજા સંભળાવી છે. લાહૌરમાં ઝકીઉર રહેમાન લખવી વિરુદ્ધ ટેરર ફંડિંગનો મામલો નોંધાયેલો હતો. તેના પર આરોપ હતો કે, ડિસ્પેંસરીના નામ પર પૈસા એકઠો કરતો હતો અને તેનો ઉપયોગ આતંકી ગતિવિધિઓમાં કરતો હતો. મુખ્ય રૂપથી તેનો ઉપયોગ આતંકીઓને તૈયાર કરવામાં આ પૈસા લગાવવામાં આવતા હોવાનો પણ આરોપ હતો.

ઝકીઉર રહેમાન લખવીને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પણ આતંકી જાહેર કરવામાં આવ્યો હતો. જે લાંબા સમયથી ધરપકડથી બચીને છૂપાયેલો હતો. પણ હાલમાં જ હ્ઠછ્હ્ર બેઠક પહેલા પાકિસ્તાને તેના પર એક્શન લઈને જેલમાં નાખ્યો હતો.

મુંબઈમાં થયેલા આતંકી હુમલામાં હાફિઝ સઈદની સાથે ઝકીઉર રહેમાન લખવી પણ આરોપી હતો. આ મામલામાં તેને જેલ પણ થઈ હતી. પણ ૨૦૧૫માં તેને જામીન મળતા તે બહાર આવી ગયો હતો. ગત દિવસોની વાત કરીએ તો, તેની ધરપકડ થતાં અમેરિકા પણ રાજી થયુ હતું.

ફેબ્રુઆરી મહિનામાં ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સની બેઠક થવાની હતી. આ સંસ્થામાં દેશોમાં આતંક વિરુદ્ધ લડવા માટે પૈસા આપે છે. લાંબા સમયથી પાકિસ્તાન પર અહીં ગ્રે લિસ્ટમાં નાખવાની વાતો ચાલી રહી છે. ત્યારે આવા સમયે પાકિસ્તાન પોતાની ચાલ અપનાવી કોઈને કોઈ આતંકી પર એક્શન લઈ ગ્રે લિસ્ટમાંથી છટકી જવાનો પ્લાનમાં સફળ થઈ જાય છે.

લાખણી ખાતેથી ચોરાયેલ બોલેરો ચેમ્પર ગાડી જડપાઈ

ચાર મહિના અગાઉ બનાસકાંઠાના લાખણી ખાતે સોસાયટી આગળથી ચોરી થયેલ બોલેરો ચેમ્પર ગાડી રાજસ્થાનના જેસલમેર જિલ્લાના સમ ગામમાંથી શોધી ત્રણ આરોપીઓ વિરુદ્ધ આગથળા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. ગત તા. ૧૦-૯-૨૦૨૦ ના દિવસે લાખણી ગામમાં પપ્પુસિહ અમરસિંહ વાઘેલાની મહિન્દ્રા કંપનીની બોલેરો ચેમ્પર જીજે.૦૭.વાયવાય.૩૮૨૫ નંબરની ગાડી લીમડા ચોક પાસે સોસાયટીમાં રહેતા પરસોતમભાઈ કાપડીના ઘર આગળથી ચોરી થઈ હતી જેની ફરિયાદ ૧૫-૯-૨૦૨૦ ના દિવસે આગથળા પોલીસ મથકે નોંધાઈ હતી.

રાજ્યમાં ઉત્તરાયણની ઉજવણી માટે હાઈકોર્ટનું ગ્રીન સિગ્નલ

ફ્લેટમાં ભીડ ભેગી થઈ તો ચેરમેન જવાબદાર ગણાશે, કોઈપણ સોસાયટીના ધાબે બહારના વ્યક્તિઓને પ્રવેશ પર રોક લગાવવામાં આવશે, ના ડીજે, ના દોસ્તો, પરિવાર સાથે જ ઉજવી શકાશે ઉત્તરાયણ : દિવાળી વખતે એક વખત દાઝ્યા છીએ, ફરીથી ચૂક ના થાય તે જોવાની અમારી જવાબદારીઃ રાજ્ય સરકાર

અમદાવાદ,તા.૮

કોરોના કાળમાં તમામ તહેવારોની જેમ ઉત્તરાયણની ઉજવણી અંગે પણ અસમંજસની સ્થિતિ ઊભી થઈ હતી, ત્યારે આજે શુક્રવારે ગુજરાત હાઈકોર્ટે ઉત્તરાયણની ઉજવણી માટે ગ્રીન સિગ્નલ આપ્યું છે. ઉત્તરાયણ પર સંપૂર્ણ પ્રતિબંધની માગ હાઈકોર્ટે નકારી હતી. સાથે જ સરકારે ૧૩ મુદ્દાનો પરિપત્ર કરવાની ખાતરી આપી છે. જેનો કડક અમલ કરવા હાઈકોર્ટે આદેશ આપ્યો છે.

રાજ્યમાં કોરોનાના કેસો ઘટી રહ્યાં છે. ત્યારે ઉત્તરાયણની ખરીદી તેમજ પતંગ-દોરાની વેચાણ પર પ્રતિબંધની માગણી સાથે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી જાહેર હિતની અરજીમાં પક્ષકાર તરીકે જોડાવવા માટે ગુજરાતના પતંગ ઉત્પાદકોના એસોએસિએશને હાઈકોર્ટમાં પિટિશન કરી છે. તેમની માગણી છે કે આ ઉદ્યોગ સાથે સંકળાયેલા હજારો લોકોની જીવાદોરીનો આધાર ઉત્તરાયણના તહેવારની ઉજવણી છે. તેથી હાઈકોર્ટે ઉજવણી કે પતંગ-દોરાના વેચાણ પર પ્રતિબંધ ન ફરમાવવો જોઈએ. આ કેસની આજે વધુ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેને પગલે સરકારે કોર્ટમાં માર્ગદર્શિકા રજૂ કરી હતી.

રાજ્ય સરકારે હાઈકોર્ટમાં રજૂ કરેલી માર્ગદર્શિકા મુજબ, ધાબા, મેદાન કે રસ્તા પર ઉત્તરાયણ મનાવી શકાશે નહીં. પરિવારના સભ્યો સિવાય અન્ય કોઈ વ્યક્તિ હાજર રહી શકશે નહીં. ટેરસ કે અન્ય સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ શકશે નહીં. ફ્લેટમાં ભીડ ભેગી થઈ તો ચેરમેન જવાબદાર ગણાશે. ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ જાન્યુઆરીના રોજ રાત્રિ કર્ફ્યુનો કડકાઈથી અમલ કરવામાં આવશે. માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ ભંગ બદલ કડક કાર્યવાહી કરાશે.

સરકારે રજૂ કરેલી માર્ગદર્શિકા

- ધાબા, મેદાન કે રસ્તા પર ઉત્તરાયણ મનાવી શકાશે નહીં.
- પરિવારના સભ્યો સિવાય અન્ય કોઈ વ્યક્તિ હાજર રહી શકશે નહીં.
- ટેરસ કે અન્ય સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ શકશે નહીં.
- જો નિયમોનું ઉલ્લંઘન થયું તો ચેરમેન-સેક્રેટરી સામે કાયદેસરની કાર્યવાહી કરાશે.
- રાયપુર ટંકશાળ અને નરોડા જેવા પતંગ બજારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાશે.
- ચાઈનીઝ તુક્કલ અને ચાઈનીઝ માંજા પર પ્રતિબંધ.
- માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સના ભંગ બદલ કડક કાર્યવાહી કરાશે.
- કોઈપણ સોસાયટીના ધાબે બહારના વ્યક્તિઓને પ્રવેશ પર રોક લગાવવામાં આવશે.

પુરસ્કાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નંબર-૯૪૮૪૮ ૭૬૪૫૧, બોરીજ ખાતે ૦૭૯ ૨૩૨ ૨૩૯૩૬, દહેગામ ખાતે ૦૨૭૧૬ ૨૩૩૦૭૪, કલોલ ખાતે ૦૨૭૬૪ ૨૨૨૧૫૨ તેમજ માણાસા ખાતે ૦૨૭૬૩ ૨૭૦૯૩૪ ઉપર વનવિભાગ અધિકારીને જાણ કરીને ઘાયલ પક્ષીઓને બચાવવા જણાવ્યુ હતું. જ્યારે પશુ દવાખાના સેક્ટર-૩૦ ગાંધીનગર ખાતે ૯૪૨૮૦ ૬૨૧૬૧ છાલા ખાતે ૯૯૦૯૩ ૪૨૬૫૦, કોબા ખાતે ૭૫૬૭૦ ૪૩૬૩૨, ડભોડા ખાતે ૯૯૨૫૧ ૬૨૮૫૮, રૂપાલ ખાતે ૯૮૨૫૫ ૪૨૭૪૫, દહેગામ ખાતે ૮૧૪૦૩૯૩૩૭૮,ધમીજ ખાતે ૯૪૨૬૯ ૮૫૧૫૩, રખિયાલ ખાતે ૯૮૯૮૨૭૩૭૩૩, નાદોદ ખાતે ૯૮૯૮૪૮૫૦૨૧, જીડવા ખાતે ૯૯૭૪૭ ૬૯૫૧૯, પાલુન્દ્રા ખાતે ૯૪૦૮૮ ૯૩૮૩૦, માણસા ખાતે ૭૮૭૪૯૫૦૧૩૫, બિલોદ્રા ખાતે ૯૯૭૯૮ ૭૪૪૭૩, લોદરા ખાતે ૯૪૨૮૫ ૨૯૪૪૨, સમૌ ખાતે ૯૯૭૮૯ ૫૯૬૧૮,ચરાડા ખાતે ૯૪૨૮૦ ૨૩૦૨૮, મહુડી ખાતે ૯૯૨૪૮ ૯૭૭૮૧, જાસપુર ખાતે ૯૮૭૯૫ ૮૪૬૮૮, કલોલ ખાતે૯૮૨૪૨ ૮૯૨૦૦, નારદિપુર ખાતે ૯૮૩૮૯૬૯૯૨૨, વડસર ખાતે ૯૮૭૯૫ ૮૩૬૮૮,જામળા ખાતે ૮૩૮૦૦ ૪૭૦૦૯ અને છત્રાલ ખાતે ૯૮૭૯૧ ૨૬૫૯૩ નંબરો ઉપર પશુ દવાખાનાઓ ઉપર પક્ષીઓની સારવાર ઉપલબ્ધ છે. ઘાયલ પક્ષીઓ અંગેની જાણકારી આપી પક્ષીને બચાવવામાં સહકાર આપવા પશુપાલન અધિકારી શ્રી એસ.આઈ. પટેલે જણાવ્યું હતું. આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર એ.એમ. જાડેજા, પ્રાંત અધિકારી ગાંધીનગર જે.એમ. ભોરાણીયા પ્રાંત અધિકારી કલોલ એ.ડી. જોશી, નાયબ જિલ્લા પોલીસ વડા રાણા, જિલ્લા પશુપાલન અધિકારી પટેલ સહિત સંબધિત અધિકારીઓ તેમજ જીવ દયાપ્રેમી સ્વૈચ્છિક સંસ્થોઓના પ્રતિનીધી ઉપસ્થિત રહ્યા હતા.

તબિયત લથડતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેના કારણે સિવિલ હોસ્પિટલમાં દોડધામ મચી ગઈ હતી. જેથી આરોગ્યકર્મીને તાત્કાલિક કૃત્રિમ શ્વાસની ફરજ પડી હતી. અમદાવાદના અસારવામાં આવેલ સિવિલ હોસ્પિટલમાં ચાલુ ડ્રાયરનમાં મહિલા આરોગ્ય કર્મચારીની તબિયત લથડી હતી. ડ્રાયરનની પ્રક્રિયા બાદ આરોગ્ય કર્મચારીને ચક્કર આવવાની સમસ્યા ઉદભવી હતી. જેથી ડોક્ટરોની ટીમે તાત્કાલિક મહિલાની સારવાર શરૂ કરી દીધી હતી. ચક્કર આવતા આરોગ્ય કર્મચારીને કૃત્રિમ શ્વાસ આપવાની ફરજ પડી હતી. મહિલા આરોગ્યકર્મીને ડ્રાયરનના ડોઝ બાદ ૧૫ મિનિટએ અસર વર્તાઈ હતી. જોકે ડોક્ટરોની યોગ્ય સારવાર બાદ હાલમાં આ આરોગ્ય કર્મચારી મહિલાની તબિયત સ્થિર છે.

રાજ્યમાં બર્ડફ્લૂનો પહેલો કેસ નોંધાયો

અમદાવાદ, તા. ૮

ભારતમાં હજી તો કોરોના મહામારી દહેશત દૂર થઈ નથી ત્યાં વધુ એક નવી બીમારીએ દસ્તક દીધી છે. દેશમાં હવે બર્ડ ફ્લૂનો ખતરો મંડરાઈ રહ્યો છે. બર્ડ ફ્લૂના ખતરાનો પગલે ગુજરાત સહિત દેશના ૬ રાજ્યો અલર્ટ આપવામાં આવ્યું છે. હિમાચલ, મધ્ય પ્રદેશ અને કેરલમાં બર્ડ ફ્લૂ (એનપએન૧)ના કેસ નોંધાયા છે. ત્યારે હવે ગુજરાતમાં પણ બર્ડ ફ્લૂએ પગપેસારો કર્યો હોવાની પુષ્ટી થઈ છે.

પક્ષીઓના શંકાસ્પદ મોત થયા હતા. છેલ્લા થોડાક સમયમાં હિમાચલમાં ૨૩૦૦, મધ્ય પ્રદેશમાં ૩૦૦ અને ગુજરાતમાં ૫૦ પક્ષીના મોત નીપજ્યા હતા. બર્ડ ફ્લૂના વાયરસ ખુબ જ ખતરનાક હોય છે અને તે માણસોને પણ નુકસાન પહોંચાડી શકે છે.

રાજ્યમાં બર્ડ ફ્લૂએ પગપેસારો કર્યો છે. જૂનાગઢના મૃત પક્ષીઓના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. માણાવદરમાં પક્ષીઓના મોતમાં રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જૂનાગઢમાં ૩૦૦ પક્ષીઓના સેમ્પલ લેવાયા હતા. ગુજરાતનાં પશુપાલન વિભાગે સેમ્પલ ભોપાલ મોકલ્યા હતા. જેનો રિપોર્ટ આજે પોઝિટિવ આવ્યો છે. જે એક ચિંતાનો વિષય છે. જણાવી દઈએ કે, ગુજરાતમાં પણ બર્ડ ફ્લૂ અંગે આ પહેલા એલર્ટ અપાયું હતું. એલર્ટ બાદ રાજ્ય સરકાર એક્શનમાં આવી અને એપેડેમિક સેલની તત્કાલિન બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતું. કોરોના વાયરસ સાથે વધુ એક વાયરસનો ચેપ હવે દેશમાં જોવા મળી રહ્યો છે. હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, કેરળ સહિત અન્ય કેટલાક રાજ્યોને એવિયન ઈન્ફ્લુએન્ઝા દ્વારા બાનમાં લેવામાં આવ્યા છે. આ ચેપને કારણે અત્યાર સુધીમાં અધધધ પક્ષીઓ મૃત્યુ પામ્યાં છે.

રાજ્યના સાત પક્ષી અભ્યારણ મુલાકાતીઓ માટે બંધ કરાયા

● નળ સરોવર ● થોર ● ખીજડીયા ● ઘુડખર ● વઢવાણા વેટલેન્ડ ● પોરબંદર ● છારીઢંઢ

વિચિત્ર મિજાજ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જનજીવન પ્રભાવિત છે. આકરી ઠંડીની સાથે આકાશમાં વાદળો ઘેરાતા નગરજનો વિચિત્ર મોસમની અસરથી પ્રભાવિત છે. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડીગ્રી રહ્યુ હતુ જે ગઈકાલની સાપેક્ષમાં ત્રણ ડીગ્રી વધુ રહ્યુ હતુ. મહત્તમ તાપમાન પણ એક ડીગ્રી ઉંચકાયુ હતુ. વાદળિયા વાતાવરણના લીધે દિવસ દરમિયાન શહેરીજનોએ ઠંડીનો અહેસાસ કર્યો હતો. વાતાવરણમાં સતત બદલાવથી જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. નાગરિકોને તાવ શરદી , ઉધરસ અને માથાના દુખાવાની તકલીફો સિઝનલ અસરથી વધી રહી છે. આ ઉપરાંત સિનિયર સિટીઝન્સને પણ વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડીનો ચમકારો પરેશાન કરી રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં ઠંડીનો પારો ૫.૫ ડીગ્રી ઉપર આવતા એકરીતે ઠંડીનુ પ્રમાણ ઘટી ગયુ છે.

જાહેર નિવિદા નં.- ૬ સને : ૨૦૨૦-૨૧

નાયબ વન સંરક્ષકશ્રી સાબરકાંઠા વન વિભાગ હિંમતનગર દ્વારા ૧. પોઈન્ટીંગ વોલ ૨. ચેકડેમ તથા ૩. ફોરેસ્ટ ચોકી બનાવવાના અંદાજીત ૫.૩૬ થી ૯.૭૮ લાખના કુલ ૧૦ કામ માટે નર્મદા જળસંપત્તિ પા.પુ. અને કલ્પસર વિભાગ તથા મ. અને મા. વિભાગમાં ઈ-૨ અને ઉપરના વર્ગમાં નોંધાયેલ અને બાંધકામના અનુભવી ઈજારદારો પાસેથી ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે. ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ તથા ભાવો ઓનલાઈન અપલોડ કરવાની છેલ્લી તા. ૧૫/૦૧/૨૦૨૧ તથા ટેન્ડર ફી બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો માત્ર રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી સ્વીકારવાનો સમય તા. ૧૫/૦૧/૨૦૨૧ થી ૨૧/૦૧/૨૦૨૧ રાખવામાં આવે છે. ઓનલાઈન ટેન્ડર ખોલવાનો સંભવિત સમય તા. ૨૨/૦૧/૨૦૨૧ ૧૨.૦૦ કલાક છે. આ કામની વધુ વિગતો statetenders.com તથા www.nprocure.com ઉપર તથા ઉક્ત કચેરીએથી મેળવી શકાશે.

નામાનિ/કિંમત/૪૫૫/૨૦૨૧

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર
જાહેર નિવિદા નંબર-૧૪ સને ૨૦૨૦-૨૧

કાર્યપાલક ઈજનેરશ્રી, ડીસા સિંચાઈ વિભાગ, ડીસા, દાંતીવાડા નહેર વસાહત, હાઈવે, ડીસા ફોન નં. ૦૨૭૪૪-૨૨૦૦૭૧ની કચેરી તરફથી ગુજરાત સરકારના નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તથા માર્ગ અને મકાન વિભાગના ઈજારદારશ્રીઓની માન્ય યાદીના યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી બીર ટેન્ડર કુલ ૧ (એક) કામનું રકમ રૂ. ૨૦૭.૩૯ લાખનું ઓનલાઈન માંગવામાં આવે છે. આ કામનું ટેન્ડર અંગે હવે પછીના સુધારાઓ www.nprocure.com વેબસાઈટ ઉપરથી જોવા મળશે અને ટેન્ડર આ સાઈટ ઉપરથી ઓનલાઈન ભરવાના રહેશે. આ અંગેની વિગતવાર વિજ્ઞાપન માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપરથી જોવા મળશે.

ઓનલાઈન ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ	તા. ૨૮/૦૧/૨૦૨૧ સમય ૧૮:૦૦ કલાક સુધી
ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો માત્ર રજીસ્ટર્ડ એ.ડી./સ્પીડ પોસ્ટથી કચેરીમાં રજુ કરવાની છેલ્લી તારીખ અને સમય અને સ્થળ	તા. ૨૯/૦૧/૨૦૨૧ થી તા. ૦૪/૦૨/૨૦૨૧ સમય ૧૬.૦૦ કલાક સુધી કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, ડીસા સિંચાઈ વિભાગ, ડીસા, દાંતીવાડા નહેર કોલોની, આનંદ હોટલની સામે, ડીસા-૩૮૫૫૩૫
ટેન્ડર ઓનલાઈન ખોલવાની તારીખ અને સમય અને સ્થળ	કામ અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, સુજલામ સુફલામ વર્તુળ-૨, ખેરવા (મહેસાણા) ખાતે તા. ૦૫/૦૨/૨૦૨૧ સમય ૧૧.૦૦ કલાકે

સરકારશ્રીના વખતોવખતના નિયમો/હુકમો વિગેરે ટેન્ડર ભરનારને બંધનકર્તા રહેશે.

નં. નામાનિ/પાલન/૪૫૩/૨૦૨૦-૨૦૨૧

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
ઈ-ટેન્ડર નોટીસ નં. ૧૫ સને ૨૦૨૦-૨૧
ટેન્ડર આઈ.ડી. નં.: ૪૪૩૪૬૯

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતીથી કુડાસણ તા. જી. ગાંધીનગર ખાતે ગુડા વિસ્તારને પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના હેઠળ ૩૫ એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની રૂ. ૫૮.૪૯ લાખ માટે ૨ વર્ષ મરામત અને નિભાવણી માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. ઠેકેદારે બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તીર્ણ થવાનુ રહેશે. કામની વિગતો માટે વેબસાઈટ http:/gwssb.nprocure.com તથા www.gwssb.gujarat.gov.in તથા http:/www.statetenders ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ : ૨૭/૦૧/૨૦૨૧ વેબસાઈટ પર મુકવામાં આવેલ છે અને આ ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતા સુધારા ઓનલાઈન મુકવામાં આવશે. કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકારી જી.ડબલ્યુએસ.એસ. બોર્ડનો રહેશે.

''ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા. અને ગટર વ્ય. બોર્ડના હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬ પર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે.''

માહિતી/૧૭૦૭/૨૦-૨૧

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
ઈ-ટેન્ડર નિવિદા નં. ૧૪ સને ૨૦૨૦-૨૧)
આઈ.ડી. નં. : ૪૪૩૫૭૬

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ગાંધીનગર જિલ્લાની જી-૨ સુધારણા યોજના અંતર્ગત દહેગામ તાલુકા અને એક શહેરી (દહેગામ) પાણી પુરવઠા યોજના (તાંત્રિક સમસ્યા ગામો માટે) માટે ડિઝાઈન, બિલ્ડ, ટ્રાયલ રન કોન્ટ્રાક્ટ સહિત જલુન્દ્રા હેડ વર્કસ, ખાતે ૧૬.૫૦ એમ.એલ.ડી. પ્લાન્ટ, આરસીસી યુ/જી સંમ્પ, આરસીસી ઈએસઆર, પમ્પ રૂમ અને પ્રોવાહીન્ડીંગ, સપ્લાય, લોઅરીંગ, લેચીંગ અને ડીઆઈ અને પીવીસી પાઈપલાઈન નેટવર્કના જોડાણ માટે બિડ દસ્તાવેજો (રાઈઝીંગ મેઈન, કનેક્ટીંગ મેઈન અને ડીસ્ટ્રબ્યુશન ગ્રેવીડી મેઈન) સપ્લાય, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ એચએસ.સી.એફ. પંપ અને એસોસિયેટેડ મિકેનીકલ અને ઈલેક્ટ્રિકલ ઉપકરણો હેડ વર્કસ અને સબ હેડવર્કસ પરના ઉપકરણો અને એસેસરીઝ વિવિધ કદના આર.સી.સી. સમ્પ, ઈ.એસ.આર., પંપ હાઉસ, કમ્પાઉન્ડ વોલનું બાંધકામ વિજળીકરણની કામગીરી સાથે, બધા જ પ્રકારના સિવિલ અને મીકેનીકલ સ્ટ્રક્ચર, મશીનો અને પાઈપલાઈન નેટવર્ક (નવું અને હયાત છે) તેની ૫ (પાંચ) વર્ષની મરામત અને નિભાવણી માટે તમામ પ્રકારના કામોની અંદાજિત કિંમત રૂ. ૮૭,૨૮,૯૬,૨૦૦.૦૩ માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ઠેકેદાર બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તિર્ણ થવાનું રહેશે. કામની વિગત માટે વેબસાઈટ www.gwssb.nprocure.com તથા www.gwssb.gujarat.gov.in તથા www.statetenders.com ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ : ૯-૨-૨૦૨૧ અને આ ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતા સુધારા ઓનલાઈન મુકવામાં આવશે. કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર જી.ડબલ્યું એસ.એસ.બોર્ડનો રહેશે.

'ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા. પુ. અને ગટર વ્ય. બોર્ડના હેલ્પલાઈન ટોલ ફ્રી નં. ૧૯૧૬ પર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે.'

માહિતી/૧૭૦૬/૨૦-૨૧